Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

**Shree Atmanand Prakash**



**श्री आत्मानंद प्रकाश**

एकस्मिन् दिवसेऽवश्यं मर्तव्यं देहधारिणा ।
तस्माद् विवेकमाधाय जनो जागरितो भवेत् ॥

પ્રત્યેક પ્રાણીએ એક દિવસ જરૂર મરવાનું છે,
માટે માણસ વિવેકદૃષ્ટિ પ્રગટાવી જાગ્રત્ રહે.

Every embodied being is sure to die at one time,
so being discreet a man should be wakeful.

પુસ્તક : ૯૧ 卐 અંક : ૮

જેઠ 卐 જુલાઈ-૯૪

આત્મ સંવત : ૯૮
વીર સંવત : ૨૫૨૦
વિક્રમ સંવત : ૨૦૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પરમાત્માનું ચૈત્યવંદન ( કાવ્ય ) | — | ૬૫ |
| ૨ | ભાવનગરના આનંદનગર વિભાગમાં નવનિર્માણ થયેલ શ્રી નેમિનાથજી ભગવાનના જીનાલયનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ( અહેવાલ ) | — | ૬૬ |
| ૩ | શારદાબાઈ મહાસતીના વ્યાખ્યાનમાળામાંથી | કે. આર. સલોત | ૬૯ |
| ૪ | કલ્યાણના દ્વાર સહુને માટે ખુલ્લા છે | — | ૭૧ |
| ૫ | હિન્દી વિભાગ | — | |




## ભેટ પુસ્તક

આપણી સભાના દરેક પેટ્રન સાહેબો તથા આજીવન સભ્ય સાહેબોને "સચિત્ર શત્રુંજય ગીરિરાજ દર્શન" પુસ્તક ભેટ આપવા અગાઉના અંકમાં જાહેરાત છાપી હતી, બહારગામના જુજ સભ્યોની ટપાલ મળી છે તેમને પુસ્તક પોસ્ટ કરેલ છે.


જેઓએ આજ સુધી આ પુસ્તક મોકલવા પત્ર દ્વારા સભાને પત્ર લખ્યો ન હોય તેઓને ફરી વિનંતી કે તુરત એક પોસ્ટકાર્ડ પોતાના પ્રોપર એડ્રેસનું લખે જેથી તુરત ભેટ પુસ્તક મોકલી શકીએ.

તા. ૩૧-૮-૯૪ પછી આ ભેટ પુસ્તક ફ્રી મોકલવાનું બંધ થશે માટે સત્વરે ટપાલ લખવા વિનંતી.

મંત્રી
**શ્રી જૈન આત્માનંદ સભા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# શ્રી આત્માનંદ પ્રકાશ

સંપાદક : **શ્રી હિંમતલાલ અનોપચંદ** મોતીવાળા


## પરમાત્માનું ચૈત્યવંદન

જગન્નાથને તે નમું હાથ જોડી, કરૂં વિનતિ ભક્તિ શું માન મોડી;
કૃપાનાથ સંસાર કૂપાર તારો, લહ્યો પુન્યથી આજ દેદાર તારો. ૧

સોહિલા મળે રાજ્ય દેવાદિ ભોગો. પરમ દોહિલો એક તુજ ભક્તિ જોગો;
ઘણા કાળથી તું લહ્યો સ્વામી મીઠો, પ્રભુ પારગામી સહુ દુઃખ નીઠો. ૨

ચિદાનંદરૂપી પરબ્રહ્મલીલા વિલાસી, વિભોત્યક્ત કામાગ્નિકીલા;
ગુણાધાર જોગીશ નેતા અમાયી, જયત્વં વિભો ભૂતલે સુખદાયી. ૩

ન દિઠી જેણે તાહરી યોગમુદ્રા, પડ્યા રાતદિસે મહા મોહનિદ્રા;
કિ સીતા સહોશે ગતિ જ્ઞાન સિંધો ! ભમંતા ભવે હે જગજ્જીવ બંધો. ૪

સુધાસ્યંદીને દર્શનં નિત્ય દેખે, ગણું તેહનો હે વિભો જન્મ લેખે;
ત્વદાજ્ઞા વિષે જે રહ્યા વિશ્વમાંહે, કરે કર્મની હાણ ક્ષણ એકમાંહે. ૫

જિનેશાય નિત્યે પ્રભાતે નમસ્તે, ભવિ ધ્યાન હોજો હૃદયે સમસ્તે;
સ્તવી દેવના દેવને હર્ષ પુરે, મુખાંભોજ ભાલી ભજે જેહ ઉરે. ૬

કહે દેશના સ્વામી વૈરાગ્ય કેરી, સુણો પર્ષદા બાર બેઠી ભલેરી;
સુધાંભોધધારા સમી તાપ ટાળે, બેઉ બંધવા સાંભળે એકઢાળે. ૭

લહે મોક્ષનાં સુખ લીલા અનંતી, વરક્ષાયિક જ્ઞાનભાવે લહંતી;
ચિદાનંદ ચિત્તે ધરે ધ્યેય જાણી, કહે **રામ** નિત્ય જપો જિનવાણી. ૮




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનગરના આનંદનગર વિભાગમાં નવનિર્માણ થયેલ



# શ્રી નેમિનાથજી ભ.ના જિનાલયનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

ભાવનગર જૈન શ્વે. મૂ. પૂ. તપા. શ્રી સંઘે પોતાની પ્રણાલીકા મુજબ ભાવનગરના જુદા જુદા ક્ષેત્રોમાં વસતા જૈન કુટુંબો માટે જિન મંદિર, ઉપાશ્રય, પાઠશાળા, આયંબિલશાળા જેવા ધર્મ-સ્થાનકોના નિર્માણ કર્યા છે અને તે તે ધર્મ-સ્થાનોનો ઘણી મોટી સંખ્યામાં લાભ લેવાઇ રહ્યો છે.

આજુબાજુના ગામોમાંથી વેપારાદિ કારણે ઘણી મોટી સંખ્યામાં જૈન કુટુંબો ભાવનગર આવી રહ્યા છે અને શાસનદેવની અગમ્ય કૃપા તથા પરમોપકારી **શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના** દિવ્ય આશીર્વાદથી સર્વ રીતે અભ્યુદય પામી રહ્યા છે જે સંઘનું એક ગૌરવ છે.

આનંદનગરનો વિભાગ અપેક્ષાએ શહેરથી દૂર હોવા છતાં ત્યાં વસતા જૈન પરિવાર માટે જિન મંદિરની આવશ્યકતા હતી જેથી–પ્રારંભમાં ઘર દેરાસર થતાં ભાવિકો જિન દર્શન, વંદન, પૂજનથી લાભ મેળવતા પરંતુ ઘર દેરાસર પણ વસ્તીના પ્રમાણમાં ઘણું નાનું પડતું જેથી તે વિભાગમાં કોઇ અનુકુળ જમીન મળી જાય તો શીખરબંધ જિનાલય કરવાની ભાવના વેગ પકડી. સદ્‌ભાગ્યે શ્રી સંઘના પ્રયાસના અંતે જગ્યા મળતાં જિન મંદિર અંગે ભૂમિપૂજન અને શીલા-રોપણ વિધિઓ શુભ મુહૂર્તે કરાવવામાં આવી.

શ્રી નેમિનાથ ભગવંતના જાગૃત અધિષ્ઠાયક દેવની દયાના કારણે ત્રણ શિખર અને પાંચ ગભારાવાળું ભવ્ય જિન મંદિર તૈયાર થયું અને તે જિન મંદિરમાં બિરાજમાન કરવા ભવ્યાતિ-ભવ્ય જિન પ્રતિમાજીઓ તૈયાર થતાં પ્રાચીન તથા નવીન ત્રિમૂર્તિઓની પ્રતિષ્ઠા તથા અંજન-શલાકા મહોત્સવ ઉજવવાનું નક્કી થવાથી તે મહા મહોત્સવ અપૂર્વ શાસન–પ્રભાવના પૂર્વક ઉજવાયો.

શ્રી જિન મંદિરમાં મૂળનાયકજી ભ. આદિ જિન બિંબોની પ્રતિષ્ઠા કરાવવા અંગે ભાવનગર તથા મુંબઇમાં વસતા અનેક મહાનુભાવોએ તે લાભ લેવા આદેશ લીધા. અને વરસોથી જે પ્રતિષ્ઠા મહોત્સવની રાહ જોવાતી હતી તે ધન્ય દિવસ વિ. સં. ૨૦૫૦ વૈશાખ વદ ૬ નક્કી થતાં મહોત્સવના આયોજનમાં શ્રી સંઘે મંદિરના નિર્માણની જેમ મહોત્સવના અંગ ભૂત સર્વ ક્ષેત્રને પહોંચી શકાય અને શાસનપ્રભાવક મહોત્સવ ઉજવી શકાય તે રીતે વગદાર કમિટીઓની નિમણુંક કરવામાં આવી.

કમિટીના સભ્યો તથા સવિશેષ આનંદનગર વિભાગના મહાનુભાવોએ પોતાને સોંપાયેલ કાર્યને પાર પમાડવા અથાગ પ્રયત્નો કરી મહોત્સવને દીપાવ્યો.

પ્રભુજીની પ્રતિષ્ઠા કરાવનાર મહાનુભાવોએ પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન ઘણાજ ઉમંગ ઉત્સાહથી અંજનપ્રતિષ્ઠા અંગેના મંગલ વિધાનો તથા કલ્યાણક ઉજવણીના દિવસે તેમજ પ્રતિષ્ઠા દિનની સવાર–બપોરના સ્વામિવાત્સલ્યનો લાભ લીધો, જેમાં વધીને ૧૩ થી ૧૪ હજાર સાધર્મિકોની ભક્તિ એક દિવસે કરી શકયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદાર મનથી પ્રતિષ્ઠા કરનાર મહાનુભાવોની ઉદારવૃત્તિના કારણે મૂળનાયકજીનો લાભ લેનાર મૂળ ભાવનગરના પણ હાલ નવસારી વસતા જશવંતીબેન પરમાણંદદાસ ભગવાનદાસે પોતાના પુત્ર પ્રફુલને કલ્યાણક ઉજવણીમાં માત પિતા બનવાનો આદેશ લીધો અને યુવાવયે પણ ધર્મનિષ્ઠ તે મહાનુભાવે પોતાના કર્ત્તવ્યને બજાવી મહાન લાભ લીધો.

તેઓના પરિવારે સારી સંખ્યામાં મહોત્સવ દરમ્યાન આવી મહોત્સવના અંગભૂત દરેક પ્રવૃત્તિમાં તન–મન–ધનથી વિશિષ્ટ લાભ લીધો.

જ્યારે શા. હસમુખભાઇ જયંતીલાલે મુખ્ય ઇન્દ્ર, ઇન્દ્રાણી બની કલ્યાણકની ભક્તિ કરવામાં ભારે ઉત્સાહ દાખવ્યો.

છેલ્લા બે દિવસમાં મહોત્સવ પ્રસંગે મુંબઇથી પધારેલ પ્રતિષ્ઠાનો લાભ લેનાર સેંકડોની સંખ્યામાં મહાનુભાવો પોતાના પરિવાર સહિત આવ્યા હતા.

જેથી નાના મોટા પ્રત્યેક પ્રસંગોમાં લાભ લેવા માટે કલ્પનામાં પણ ન આવે તે રીતે ધનની મુરછા ન રાખી લાભ લીધો હતો. સવિશેષ તો મોરચૂપણામાં જિન મંદિર બનાવરાવી પ્રભુ પ્રતિષ્ઠા કરવાની ભાવનાથી ત્રણ જિનબિંબોને ૩૧ વર્ષથી ઘર જિન મંદિરમાં બિરાજમાન કર્યાં હતા. પણ ભવિષ્યના યોગે તે જિન મંદિરનું કાર્ય ન થતાં તે જિન બિંબોને સ્વતંત્ર દેરીમાં બિરાજમાન કરવાનું થતાં મોરચુપણાથી સંઘના મહાનુભાવોએ અસાધારણ રીતે ઉછામણીથી લાભ લીધો હતો.

અન્ય પ્રભુ પ્રતિષ્ઠા કરનાર મહાનુભાવોએ પણ જીવનમાં આવો પ્રસંગ ક્યારે મળશે તેમ વિચારી સર્વ કાર્યોમાં સંપત્તિનો મેહ વરસાવ્યો હતો.

દર વરસે પ્રભુ પ્રતિષ્ઠાના વરસગાંઠ દિવસે ભાવનગર શ્રી સંઘના તમામ ઘરોમાં શેષ–લ્હેચવામાં આવે અને આનંદનગર વિભાગમાં સ્વામિવાત્સલ્ય થાય તે યોજના પણ નક્કી થઇ અને જીવદયા અંગે પણ ઘણી સારી રકમનું ફંડ થયું.

ભાવનગર શ્રી સંઘના ઇતિહાસમાં આ અંજન પ્રતિષ્ઠા મહોત્સવ દીર્ઘકાલ યાદ રહે તે રીતે ઉજવાયો હતો.

પ્રતિષ્ઠા બાદ કલાકો સુધી જિનબિંબો તથા દેરાસરમાં અમીઝરણાં થયા હતાં.

આ જિનમંદિરાદિ ધર્મસ્થાનકો અંગે પ પૂ. શાસનસમ્રાટ્ આ. મ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.ના સમુદાયના પ. પૂ. આ. મ. શ્રી વિજયમેરૂપ્રભસૂરિજી મ., પ. પૂ. આ. મ. શ્રી દેવસૂરીજી મ., પ પૂ. આ. મ. શ્રી વિજયહેમચંદ્રસૂરિજી મ. અને પૂ. પંન્યાસ શ્રી પ્રદ્યુમનવિજય મ.ની વારંવારની પ્રેરણા સંઘને ઉત્સાહીત કરતી હતી.

જ્યારે આ જિન મંદિર અંગે પ્રારંભથી જ અ. સૌ શ્રી શાંતાબેન શાંતિલાલ પ્રેમચંદની પ્રેરણા અને પ્રવૃત્તિ–નિમિત્ત બનતા તેમના સંસારી પુત્ર મુનિ શ્રી નિર્મળચંદ્રવિજયજીનું પોતાના ક્ષયોપશમ પ્રમાણે મંદિરના નિર્માણ તથા પ્રતિષ્ઠા મહોત્સવ અંગેનું માર્ગદર્શન સહાયક બન્યું છે.

જ્યારે આ અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયચંદ્રોદયસૂરીજી અને પ. પૂ. આ. મ. શ્રી વિજયઅશોકચંદ્રસૂરીજી મ. આદિને વિ. સં. ૨૦૫૦ના ચાતુર્માસ અંગે વિનંતી કરતાં તેઓશ્રી પધારતાં મહામંગલ મહોત્સવ પ્રસંગે તેઓશ્રીની ઉપસ્થિતિ તેમજ પ્રેરક–ઉપરોક્ત આચાર્ય ભગવંતો, વિશાલ સંખ્યામાં પૂ. સાધુ મહારાજો, લગભગ ૧૫૦ સાધ્વીજી મહારાજની નિશ્રા શ્રી સંઘને પ્રાપ્ત થઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસંગને અનુરૂપ-રાજસ્થાનના રૂપદાસ શર્માનો-રાજ દરબારી રંગ બેરંગી મંડપ અને રોશની એ-સર્વનું જૈન જૈનેતરોનું આકર્ષણ બન્યું હતું.

જ્યારે સો ઉપરાંત અંજનશલાકામાં પંચ કલ્યાણકની ઉજવણી કરાવનાર-સંગીતકાર ગજાનન દેવીદાસ ઠક્કરે તો સર્વ કોઇને પ્રભુ ભક્તિમય બનાવ્યા હતા.

રાત્રે ભાવનામાં સ્થાનિક મંડળોની ભાવના-સાંસ્કૃતિક કાર્યક્રમો વિ.... ૧૨-૧૨ વાગ્યા સુધી માનવને જકડી રાખતા હતા. સૂરતના નિકેશ સંઘવી અને તેના શ્રી શાંતિ જિન મંડળની ભાવનાએ મહોત્વને વધુ દીપાવ્યો હતો.

પાંચે કલ્યાણકોના વરઘોડા અંગે રાજસ્થાનનું પ્રતાપ બેંડ તથા નાસીકના ઢોલવાળાએ તો બધાને ધબકતા કર્યાં હતાં.


સ્વામિવાત્સલ્ય અંગે અમદાવાદના ધનજીભાઇ રસોયાની રસવતી વ્યવસ્થા ભાવનગર માટે જાણે સર્વ પ્રથમવાર રસાસ્વાદ માણવામાં કારણ બની હતી અને તેના પરિણામે પ્રતિષ્ઠા દિને રસ-પૂરીના સ્વામિવાત્સલ્યનો લાભ હજારો સાધર્મિકોએ લીધો હતો.

ભગવાનના દીક્ષા કલ્યાણકના દિવસે બાલ-બ્રહ્મચારિણી કુમારી લત્તાબેનની દીક્ષા પણ સહુ માટે અનુમોદનીય બની હતી.

આમ વિવિધ પ્રસંગોને આવરી લેતો આ અંજન પ્રતિષ્ઠા મહોત્સવ નિર્વિઘ્ને શાસન પ્રભાવના પૂર્વક પૂર્ણ થયો હતો.

卐

## વરસાદનાં પાણી....અને સંતોની વાણી....



ઘાંસ કે પાણીનો દુષ્કાળ તો વરસાદનાં પાણી આવશે
એટલે દૂર થશે પરંતુ....
સમાજમાં પ્રવર્તતો માણસાઇનો દુષ્કાળ
કયારે દૂર થશે ?

માનવીના હ્રદયની ધરતી ઉપર સંતોની વાણી દ્વારા
સદ્‌વિચારની વર્ષા થશે ત્યારે જ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શારદાબાઈ મહાસતીના વ્યાખ્યાનમાળામાંથી.....



કે. આર. સલોત
મંત્રી, આત્માનંદ સભા–ભાવનગર

જંબુસ્વામી સુધર્માસ્વામીને વિનયપૂર્વક પુછી રહ્યા છે અને સુધર્માસ્વામી તેમને ઉપાસક દશાંગના પહેલા અધ્યયનના ભાવ સમજાવી રહ્યા છે. એ ભાવ સાંભળતાં જંબુસ્વામીના રોમે રોમમાં આનંદ ઉર્મીઓ ઉછળી રહી છે. તે વાણિજ્ય નગરમાં આનંદ નામે ગાદી પતિ હતા. તેઓ ખુબ જ સુખી અને ધનવાન હતા, સંપત્તિવાન હતા અને ઋદ્ધિવાન હતા. તેમને ખેતર, બગીચા, મહેલ, સોનું, ચાંદી, દાસ–દાસી, પશુધન, મિત્રજનો, ઉચ્ચગોત્રીય જ્ઞાતિજનો અને સુંદર નિરોગી શરીર આ દસ પ્રકારના સુખોની પ્રાપ્તિ થઈ છે. પુણ્યાનુબંધી પુણ્યવાળી સંપત્તિ મળી છે. આ પુણ્યવાળી સંપત્તિ મળી હોય તો તે સંપત્તિ તેને સંસારના કીચડમાં ફસાવી ન દે, તેમાં ખુંચવી ન રાખે, મોહની વીટંમણમાં મુંઝવી ન દે, અભિમાનના શીખરે ચઢાવી ન દે જેથી તેમાં તે સજાગ રહે છે. જેમ આંબા પર કેરી આવે તેમ તેમ આંબો નમતો જાય છે. ગરમી પડે ત્યારે ખટાશને છોડી મીઠાશ પકડે છે તેમ પુણ્યાનુબંધી પુણ્યવાળા જીવો જેમ જેમ લક્ષ્મી વધતી જાય તેમ તેમ આંબાની માફક નમતા જાય, તેના જીવનમાં નમ્રતા સરળતા આવે, ધર્મ કરવાની ભાવના વધતી જાય જ્યાં પાપાનુબંધી પુણ્યવાળી લક્ષ્મી છે એવા જીવો ભયંકર વ્યસની બની જાય. ધર્મ, વિનય, નમ્રતા, આદિ ગુણોનો તો નિકાલ થઇ જાય અને સંસારના સુખોમાં ખુંચ્યા રહે પરિણામે અધોગતિમાં ચાલ્યા જાય. ભગવાને મોક્ષના ચાર દરવાજા બતાવ્યા છે : દાન, શીયળ, તપ ને ભાવ તેમાં તપ આવ્યો અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તેમાં પણ તપ આવ્યો. તપની ખૂબ જ જરૂર છે. તીર્થંકર થનાર–આત્માઓએ પણ છદ્મસ્થ અવસ્થામાં તપ કર્યા છે અને કર્મો ખપાવ્યા છે. અતિ મેલા કપડાને સ્વચ્છ કરવા માટે એને ભઠ્ઠા ઉપર વાસણમાં બાફવામાં આવે છે ત્યારે કપડા ઉપરનો મેલ છુટો પડે છે તેમ તપ એ બાફણું છે, તેમાં આત્માને તપાવવાથી આત્મા પરનો મેલ છુટો પડી જાય છે. તપમાં અજબ ગજબની શક્તિ છે. ગાડી ચલાવનાર જો બ્રેક ઉપર ધ્યાન ન રાખે તો એ ગાડી તેને ક્યાંય ખાડામાં પટકાવી દે છે, તેમ પાંચ ઇન્દ્રીયોના વિષયોમાં ઇન્દ્રિયોના ઘોડા દોડી રહ્યા છે, એમને દોડતા અટકાવવા હોય તો, તપ રૂપી બ્રેકની જરૂર છે. જો તપ રૂપી બ્રેક રાખી હશે તો ખાડામાં પડતા બચી જઇશું. અરે તમારા સંસારને સ્વર્ગ જેવો બનાવવા માટે પણ તપની જરૂર છે, તેનો તમોને એક દાખલો આપી સમજાવું.

卐

એક શહેરમાં મોટા વૈભવશાળી સમૃદ્ર શેઠ હતા. તેમને એક દીકરો હતો. માતા તેને નાનપણમાં મુકીને સ્વર્ગે સીધાવી ગઇ. શેઠ વિચાર કરે છે કે મને સ્હેજે બ્રહ્મચર્ય પાળવાનો અવસર આવ્યો છે, હવે મારે ફરી લગ્ન કરવા નથી, અને શેઠે લગ્ન ન કર્યા દીકરો તે સમયે આઠ વર્ષનો હતો તે ધીમે ધીમે મોટો થતો ગયો. તેને ભણાવી ગણાવીને તૈયાર કર્યો. સુખી ઘર છે. છોકરો હોશીયાર થઇ ગયો એટલે સુખી અને શ્રીમંત ઘરની કન્યાના કહેણ આવવા લાગ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ વિચાર કરે છે મારો છોકરો હોશીયાર, બુદ્ધીશાળી છે અને આપણે પૈસે ટકે સુખી છીએ. આપણે કરિયાવરની જરૂર નથી અને મને કરિયાવરનો મોહ નથી. ભલે સામાન્ય ઘરની છોકરી હોય પણ તે સંસ્કારી હોય, ધર્મીષ્ઠ હોય, મારૂ ઘર સારી રીતે સંભાળે તેવી હોય એવી કન્યા જોઇએ છે. સાસુ છે નહિ જેથી છોકરી સારી આવે તો મારા છોકરાનાં સંસ્કાર પણ સારા રહે. તે માટે સારી છોકરીની શોધ કરે છે. શોધ કરતાં કરતાં ઘણી શોધને અંતે એક ઘર મળ્યું. તે શેઠની દીકરી ઘણી ડાહી અને ગુણીયલ સમજણવાળી, દરરોજ ચૌવિહાર કરે, સામાયિક, પ્રતિક્રમણ કરે, ધર્મના રંગે રંગાયેલી અને સંસ્કારી હતી. આવી સુંદર કન્યા મળી અને તે વળી સારા અને સુખી ઘરની મળી. બન્ને શેઠ વૈભવશાળી હતા. ખુબ ધામધુમથી લગ્ન કર્યા. કન્યા ( દેવી સમાન વહુ ) પરણીને સાસરે આવી સંસારનો વ્યવહાર બરાબર ચાલે છે. શેઠને થયુ કે હવે મારી ચિંતા ઓછી થઇ. વહુ ખુબ જ ડાહી અને ગુણીયલ છે, મને ખુબ સંતોષ છે, મારી ઘરની જવાબદારી ઓછી થઇ. આજે ઘરમાં પોતાના દીકરાઓ જવાબદારી સંભાળે તેવા થઇ ગયા હોય તેઓ કહે છે બાપુજી! આપ હવે ભાર ન રાખશો, અત્યાર સુધી અમારા માટે ઘણુ કર્યું, હવે અમે સંભાળી લઇશું. આપ હવે આનંદથી ધર્મધ્યાન કરો. દીકરાઓ કહે તો પણ છુટતુ નથી, મારો હોદ્દો ન જવો જોઇએ. આ જીવ સંસારમાં પરને માટે બધા કર્મો કરે છે, ગંદકીમાં માખીની માફક ખુંચેલો રહે છે અને બહાર નીકળી શકતો નથી. તમે ઉપાશ્રયમાં બેઠા હો અને અચાનક મોટા દીકરાએ નાના દીકરાનું સગપણનું નક્કી કર્યું હોય તો તમને મનમાં થશે કે મને કોઇ પૂછતા જ નથી, મારી તો કોઇ કિંમત જ નથી. મને પુછયા વિના કર્યું. ત્યારે એવુ ન માનશો. ત્યારે માનજો કે સારૂ થયું કે હું ઉપાશ્રયમાં હતો, વ્રતમાં હતો તો અનુમોદનાના પાપથી બચી ગયો. આવો વિચાર આવે ત્યારે માનજો કે ઉપાશ્રયમાં આવ્યો છું તે લેખે લાગ્યુ. હવે કર્મ રાજા કેવો ફટકો મારે છે તે આવતા અંકમાં વાંચજો.

આભાર.... ક્રમશઃ

## સત્કર્મ

: લેખક :

અનંતરાય જાદવજી શાહ



બીજ નાનું હોય પણ, વટવૃક્ષ મોટું થાય છે;
ચિનગારી નાની હોય પણ, જવાળા મોટી થાય છે.
દીપક નાનો હોય પણ, પ્રકાશ વિસ્તરતો જાય છે;
સત્કર્મ નાનું હોય પણ, પરિણામ મોટું પમાય છે.
રસ્તે જતાં કોઇ અંધજનને, વૃદ્ધજન અશક્ત ને;
સાથ આપી દોરવા, એ નાનું પણ સત્કર્મ છે.
મુંઝાયેલા વિપત્તિઓથી, કર્મવશ પીડાતા રોગથી;
આશ્વાસન આપો એ સહુને, એ નાનું પણ સત્કર્મ છે.
અન્યનું સારૂં ચહો, અન્યનું સારૂં કરો;
શુભ ભાવ હૈયે રાખીને, પુન્યનું ભાતું ભરો.
સત્કર્મ સદા કરતાં રહો, મુલ્યવાન એ મુડી છે;
સત્કર્મ સદા કરતા રહો, ઉચ્ચજીવનની એ સીડી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કલ્યાણના દ્વાર સહુને માટે ખુલ્લાં છે

જિનેન્દ્રદેવો સર્વ જીવોની તત્ત્વદૃષ્ટિએ સમાનતા પ્રરૂપે છે અને એ સત્યનું જરા પણ વિસ્મરણ કર્યા વગર સંસારી અવસ્થામાં યોગ્ય વ્યવહાર ચલાવવાનું ફરમાવે છે. સંસારી જીવોમાં શરીરાકૃતિની, રૂપની, બળની, ધનની, કુળવંશની, સત્તાની, સમૃદ્ધિની તેમજ જ્ઞાન-બુદ્ધિની વિષમતાઓ જોવામાં આવે છે. પરંતુ તે સર્વ વિષમતાઓ આગન્તુક કારણોને લઇને અર્થાત્ શુભાશુભ કર્મના પ્રભાવને લઇને હોય છે. જીવોના શુદ્ધ સ્વભાવમાં તેવી વિષમતાઓને સ્થાન નથી, માટે આગન્તુક કારણોને લીધે થયેલી તેવી વિષમતાઓ અંગે ઊંચ-નીચ ભાવના કેળવી સારા ભાગ્યવાળાઓએ અહંકાર કે ગર્વ કરીને કમભાગ્યવાળાઓ પ્રત્યે તિરસ્કાર કરવો એ જીવોમાં રહેલા પરમાત્મ તત્ત્વનું અપમાન કરવા બરાબર છે. જેમ રોગાદિ દુઃખોમાં આવી પડેલા અનુકમ્પાને તેમ જ સદ્ભાવને પાત્ર છે, તેમ હીન ગણાતી હાલતમાં આવી પડેલા પણ અનુકમ્પા તેમ જ સદ્ભાવને પાત્ર છે.

વૈદિક હિન્દુધર્મમાં પ્રચલિત વર્ણાશ્રમધર્મ, જે સમાજવ્યવસ્થા સારી રીતે ચાલે અને જીવન-કલહ તથા અંદર અંદર ઘાતક હરિફાઇ ન પ્રવેશે તેટલા માટે ગુણકર્મના વિભાગના આધારે પ્રરૂપવામાં આવ્યો હતો, તેમાં જ્યારે ઊંચનીચ-ભાવના પેઠી, ગુણકર્મને બદલે જન્મને પ્રાધાન્ય આપવામાં આવ્યું અને સત્તાશાલી વર્ગ દલિત-વર્ગનું શોષણ કરવા માંડ્યો ત્યારે જિનેન્દ્રદેવે વર્ણના અંગે પાડવામાં આવેલા ભેદોને અવગણીને સર્વ મનુષ્યો માટે પછી તે ગમે તે યોનિમાં જન્મ્યો હોય, જન્મથી તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે ક્ષુદ્ર યા ચાંડાલ હોય, પતિત હોય, દુરાચારી હોય, કોઇને કશા માટે પણ ભેદભાવ વગર વિશ્વવ્યાપક પ્રેમ અને અનન્ત કારુણ્યભાવથી ધર્મનાં દ્વાર ખુલ્લાં કરી મૂકયાં છે. આમ છતાં ધર્મ પામવામાં અથવા ધર્મ પામવાનાં નિમિત્તોનો આશ્રય લેવામાં કોઇને પ્રતિબન્ધ અથવા અડચણ કરવામાં આવે તો તે પરમકારુણિક શ્રી જિનેશ્વરદેવના શાસનના ઉદ્દેશથી વિરુદ્ધ છે. જિનેન્દ્ર ભગવાનના ઉપદેશના શ્રોતાઓ વિષેનું વર્ણન કરતાં હેમચન્દ્રાચાર્ય ત્રિષષ્ટિ શલાકાપુરુષ-ચરિતના પ્રથમ પર્વના ત્રીજા સર્ગમાં કહે છે–

नियन्त्रणा तत्र नैव विकथा न च काचन
(૪૭૪)

અર્થાત્ જિન ભગવાનની વ્યાખ્યાન-સભામાં કોઈ પ્રકારની નિયન્ત્રણા નથી.

જૈન દર્શન મુજબ કોઈ પણ મનુષ્ય, પછી તે ગૃહસ્થ હોય કે સાધુ-સંન્યાસી હોય, તેમ જ જૈન સમ્પ્રદાય પ્રમાણે કે અન્ય કોઈ સમ્પ્રદાય પ્રમાણે દાર્શનિક માન્યતા ધરાવતો હોય અને ક્રિયાકાંડ કરતો હોય તો પણ મુક્તિ પામી શકે છે– શરત માત્ર એક જ કે તેમાં **વીતરાગતા** આવવી જોઇએ. એટલા માટે જ કહ્યું છે–

सेयम्बरो य आसम्बरो य बुद्धो य अहव अन्नो वा
समभाव भाविअप्पा लहई मुक्ख न सन्देहो
(સમ્બોધસપ્તતિ)

અર્થાત્-શ્વેતામ્બર હોય કે દિગમ્બર હોય, અથવા બૌદ્ધ હોય કે અન્ય કોઇ હોય, જો તે સમભાવથી ભાવિત હોય તો અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે.

જૈનાગમ કૈવલ્યપ્રાપ્તિ માટે કોઇ વેષવિશેષને નિયત ઠરાવતું નથી. તેનો સ્પષ્ટ ઉદ્ઘોષ છે કે માણસ ગૃહસ્થ સ્થિતિમાં ( ગૃહસ્થલિંગે ) હોય કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુસંન્યાસીની સ્થિતિમાં ( સાધુલિંગે ), પુરુષ હોય કે સ્ત્રી, સ્વસમ્પ્રદાયના વેષમાં ( સ્વલિંગે ) હોય કે અન્યધર્મસમ્પ્રદાયના વેષમાં ( અન્યલિંગે ), કોઇ હાલતમાં હોય, જો વીતરાગતાને પ્રાપ્ત કરે તો અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે.

વીતરાગતા એ માનસિક યા આન્તરિક ધર્મ છે અને જ્યારે સાચી વીતરાગતા પ્રકટે છે ત્યારે તેનો પ્રભાવ વિચાર, વાણી અને વર્તનમાં પડે છે. વીતરાગતા માટે સંન્યાસ-માર્ગ સરળ કે ધોરી માર્ગ ગણીએ તો યે એવો એકાન્ત નથી કે એ વગર વીતરાગતા સાધી શકાય જ નહિ કે પ્રાપ્ત થઇ શકે જ નહિ. એ હમણાં જણાવેલ આગમપાઠથી ( ગૃહસ્થલિંગે સિદ્ધ થઇ શકવાના ઉલ્લેખથી ) સિદ્ધ છે. તેમજ જૈનદર્શનસમ્મત દાર્શનિક માન્યતાઓ ધરાવ્યા સિવાય તથા તે સમ્પ્રદાયમાં પ્રમાણિત ગણેલા ક્રિયાકાંડ કર્યા સિવાય વીતરાગતા આવી શકે જ નહિ એવું પણ નથી. એ પણ એ આગમપાઠથી ( અન્યલિંગે સિદ્ધ થઇ શકવાના ઉલ્લેખથી ) સિદ્ધ છે. અહીં એટલું કહી દેવું જરૂરનું છે કે જૈન ધર્મની દાર્શનિક માન્યતાઓ અને એના ક્રિયાકાંડોમાં એવું કશું નથી કે જે વીતરાગતાને પ્રાપ્ત કરવામાં બાધક નીવડે. ઉલટું એના દાર્શનિક મન્તવ્યો તથા યોજેલા ક્રિયાકાંડો વાસ્તવિક ધર્માચરણમાં પુષ્ટપણે ઉપકારક તથા સહાયક થાય તેવાં છે, જો તે મન્તવ્યોનો સદુપયોગ કરવામાં આવે અને ક્રિયાકાંડો જે સદાચારપ્રેરક ઉદ્દેશથી રચવામાં આવેલાં છે તે ઉદ્દેશ સફળ થાય એવી રીતે સમજપૂર્વક કરવામાં આવે. સદાચરણ [ સચ્ચરિત ] એ જ પાયારૂપ ધર્મ છે. એ વિના કોઇ પણ દાર્શનિક માન્યતાઓ અથવા બાહ્ય ક્રિયાકાંડો તારવા સમર્થ નથી એ લક્ષમાં રાખવા યોગ્ય છે.

સમ્પ્રદાયો દુનિયામાં રહેવાના છે, તેમનો નાશ થવાનો નથી અને નાશ થાય એમ ઇચ્છવાની જરૂર પણ નથી. જે તે સમ્પ્રદાયનો માણસ પોતાના સમ્પ્રદાયમાં રહી સન્માર્ગે ચાલી પોતાનો ઉદ્ધાર કરી શકે છે. સમ્પ્રદાયમાં રહેવું એ ખોટું નથી, પણ સામ્પ્રદાયિકતા(સામ્પ્રદાયિક સંકુચિતતા) ખોટી છે. પોતાના સમ્પ્રદાય ઉપરના વ્યામોહ, કદાગ્રહ કે દુરભિનિવેશને લીધે બીજા સમ્પ્રદાયને ખોટો માનવો કે વખોડવો એ ધર્માન્ધતા વૈયક્તિક અને સામાજિક સ્વાસ્થ્યને ખૂબ બાધાકારક બની જાય છે. પોતાના સમ્પ્રદાયમાં રહીને પણ બહારના વિચારપ્રવાહો માટે પોતાનાં વિચારબુદ્ધિનાં દ્વાર ખુલ્લાં રાખવાં જોઇએ. મધ્યસ્થ બુદ્ધિથી વિચારતાં જે કોઇ વિચારધારા યોગ્ય અને જીવનને હિતાવહ જણાય તે ગ્રહણ કરવા ઉદાર બનવું જોઇએ. આપણે એ પણ સમજવું જોઇએ કે કોઇ પણ સમ્પ્રદાયનો માણસ પોતાના સમ્પ્રદાયમાં રહી બીજાઓ સાથે બન્ધુભાવ અને મૈત્રીને કેળવતો રહી સદાચારના વિશદ માર્ગે ચાલે તો એનું કલ્યાણ નિશ્ચિત છે.

卐

માણસ પાસે તિજોરી ઉભરાય એટલું ધન હોય....
બેન્કમાં પણ ખૂબ બેલેન્સ પડી હોય....
બજારમાં જઇને કોઇપણ ચીજ ઇચ્છા મુજબ ખરીદી શકે
એટલી સંપત્તિ હોય છતાં....
કોઇ પ્રેમાળ પળે હૃદય ગદ્દગદ્દ બને કે આંખ ભીની થાય તેવું
ન બને તો હકીકતમાં એ એક લાચાર અકિંચન વ્યક્તિ છે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઈર્ષા હી દુઃખકા કારણ ....

## શ્રી કુલભૂષણજી

એક સમય ઉત્તમ કોટિના ચાર વક્તા વિદ્વાન રાજાના દરબારમાં આવ્યા. રાજાએ તેમનું યોગ્ય આતિથ્ય કર્યું. ત્યારબાદ રાજાને આ વિદ્વાનો વિષે જાણવાની ઉત્કંઠા થઇ. એક પછી એક પાસે જઇને પૃચ્છા કરી. પ્રથમ વિદ્વાનને બીજા વિદ્વાન વિષેની માહિતી પૂછી. તેણે રાજવીને કહ્યું, હે રાજન્! શું આપને કહું ? તે તો કોરો ગધેડો છે. પછી રાજાએ બીજા વિદ્વાનને ત્રીજા વિષે પૂછ્યું તેણે કહ્યું કે તે તો તદ્દન ઘોડો છે, ત્યારબાદ રાજાએ ત્રીજા વિદ્વાનને ચોથા વિદ્વાન વિષે પૂછ્યું. પ્રત્યુત્તરમાં ત્રીજા વિદ્વાને કહ્યું, કે તે તો ખરેખર ઊંટ છે. ત્યારબાદ રાજાએ ચોથા વિદ્વાનને પ્રથમ વિદ્વાનની યોગ્યતા વિષે પૂછ્યું. ત્યારે તેણે જવાબ વાળ્યો, "હે રાજન્! તે તો ખરેખર બળદ છે. આ સાંભળીને રાજાને ખૂબ આશ્ચર્ય થયું.

ચારે વિદ્વાનો ખૂબ ખુશ હતા. તેમણે માન્યું કે રાજાને ત્યાં ખૂબ સ્વાદિષ્ટ ભોજન મળશે. જ્યારે ભોજન સમય થયો ત્યારે રાજાએ, ચારે વિદ્વાનોના કથાનાનુસાર પ્રથમ વિદ્વાન માટે ડાંગરનું ભુંસું, બીજા માટે દાણા, ત્રીજા માટે લીંબડાના પાન, અને ચોથાને માટે ઘાસ લાવીને રાખી દીધું.

તે જોઇને ચારે વિદ્વાનોને અત્યંત આશ્ચર્ય થયું. તેમણે રાજાને પૂછ્યું, "હે રાજન્! આપે આવું ભોજન કેમ લાવી રાખ્યું? તે સાંભળીને રાજાએ કહ્યું, "હે વિદ્વાનો! આપે એક બીજા માટે જે પરિચય આપ્યો તે મુજબ ભોજન લાવીને રાખવામાં આવ્યું છે."


આથી વિદ્વાનો ખૂબ શરમાયા. રાજાથી તિરસ્કાર પામેલ તેઓ પોતપોતાને સ્થાનકે ગયા.

જો કે ચારે વિદ્વાનો ઉચ્ચ કોટિના હતા. પણ ઇર્ષા ભાવને કારણે એક બીજાની ઉચ્ચતા સહન કરી શકતા નહીં અને બીજાને માટે કટુવચન બોલતા. જો તેમનામાં ઈર્ષાભાવ ન હોત તો રાજદરબારમાં ઉચ્ચ પદ પામત.

એ વાત સાચી છે કે ઇર્ષા માનવની આભૂષણતાનો નાશ કરે છે. મનુષ્ય જીવનમાં માન, તિર્યંચમાં માયાચારી, નરક ગતિમાં ક્રોધ અને દેવ ગતિમાં લોભના રૂપમાં આ ઇર્ષાએ પોતાની સત્તા જમાવી છે.

'જૈન જગત'ના સૌજન્યથી

For Private And Personal Use Only



## સન્માર્ગે સુખ....

अधीरो भव मा कष्टे सत्पथं बिजहीहि मा ।
नश्यदावरणो हीत्थं भविष्यसि सदा सुखी ।।

卐

* કષ્ટ કે સંકટ આવતાં અધીરો ન થા અને સન્માર્ગથી ચલિત ન થા. સન્માર્ગ પર અડગ રહીશ તો તારા આવરણો (અન્તરાયો) નષ્ટ થતાં જશે અને તું હંમેશાંને માટે સુખી થઈશ.

卐

* Do not be impatient when calamities befall you and never deviate from the path of rectitude. By this way your veils of evil Karmas will be vanishing and you will be happy for ever.

પ્રતિ,

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only